Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

165

# ટૂંકીવાર્તાઓમાં મનોયૌગિક સંકુલતા: ઈલા આરબ મહેતાની કૃતિઓનો અભ્યાસ

**કોળીઢોર તૃપ્તિબેન પ્રકાશચંદ્ર**

સંશોધક ,ગુજરાતી વિભાગ,

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી - ગોધરા

**ડૉ. દિલીપ આર. અમીન**

આચાર્યશ્રી, શ્રી એસ.પી. પટેલ આર્ટસ કૉલેજ,

સિમલિયા, તા.ઘોઘંબા, જિ. પંચમહાલ

**પ્રસ્તાવના:**

ઓગણસમી સદી પહેલાં પણ સાહિત્યમાં મનોવિજ્ઞાનનો અનુબંધ કયાંક ને કયાંક જોવા મળે છે. પરંતુ અહીં આપણો અભ્યાસ વિષય મનોવિજ્ઞાનની શોધ થયા પછીનો છે. મનોવિજ્ઞાન ક્ષેત્રે નોંધનીય પ્રદાન કરનાર વિલિયમ જેમ્સનું પુસ્તક ‘The Principles of Psychology’માં માનવચેતનાના લક્ષણોનું સવિગત વર્ણન જોવા મળે છે. મનોવિજ્ઞાનના મતે સાહિત્ય માનવમનનું સર્જન છે. સાહિત્યમાં બે ધ્રુવની જો વાત કરીએ તો એક ધ્રુવ સર્જક છે અને બીજો

ધ્રુવ સર્જન છે. સર્જક અને સર્જનને સમજવાની મથામણમાંથી મનોવિજ્ઞાન માર્ગ દર્શાવી શકે છે. મનોવિજ્ઞાનમાં મનોવિશ્લેષણાત્મક અભિગમ માનવમનનું બારીકાઈથી વિશ્લેષણ કરે છે. આ અભિગમના પાયામાં ફ્રોઈડ, હર્બટ રીટ, વિલસન, કેનેથ બર્ક, બોદકીન જેવા સમર્થ વિવેચકોનો ફાળો છે.

સાહિત્ય અને મનોવિજ્ઞાન બંને એક રીતે તો માનવમનની આસપાસ ફરે છે. એક રીતે જોતાં એવું લાગે કે સાહિત્ય અને મનોવિજ્ઞાનનો સંબંધ નવા યુગમાં સ્થપાયો છે. પરંતુ બીજી રીતે જોતાં આ સંબંધ પુરાતન હોવાની ખાતરી થયા વિના રહેતી નથી. પ્રાચીન ભારતીય સાહિત્ય વેદ, ઉપનિષદ, પુરાણ, પ્રાચીન આખ્યાનો વગેરેમાં મનોવિજ્ઞાનના નિહિતપણાનો ખ્યાલ આવે છે. વ્યાસ, વાલ્મીકિ કે કાલિદાસના સાહિત્યમાં પણ મનોવિજ્ઞાનનો સહજ વિનિયોગ થયેલો જોઈ શકાય છે. પાશ્ચાત્ય સાહિત્યમાં શેકસપિયર અને ગેટેની કૃતિઓમાં પણ મનોવૈજ્ઞાનિક અભિગમ પડેલો જોઈ શકાય છે. આપણે જાણીએ છીએ તે મુજબ મનોવિજ્ઞાન વીસમી સદીમાં અસ્તિત્વમાં આવ્યું છે. આ સમય પહેલાનાં સાહિત્યમાં મનોવિજ્ઞાનનું પગેરું શોધવું જડતાભર્યું ગણાય. મનોવિજ્ઞાન અને સાહિત્ય આ રીતે જોતાં તો એક સિક્કાની બે બાજુ જ ગણાય. આમ, ઈલા આરબ મહેતા ગુજરાતી સાહિત્યની પ્રતિષ્ઠિત લેખિકા છે, જેની કૃતિઓમાં માનવીના આંતરિક સંઘર્ષ, વિચારો અને ભાવનાઓનું સુક્ષ્મ વર્ણન જોવા મળે છે. આ અભ્યાસમાં ઈલા આરબ મહેતાની ટૂંકીવાર્તાઓના માનસશાસ્ત્રીય પાસાઓની વિશેષ પરખ કરવામાં આવશે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**સાહિત્ય અને મનોવિજ્ઞાન :**

મનોવિજ્ઞાન માનવમનના સૂક્ષ્મ સંચાલનોનું અધ્યયન અને વિશ્લેષણ કરે છે. માનવમન અનેક રહસ્યોથી ભરપૂર છે, અને મનોવિજ્ઞાન તેની ઊંડાણપૂર્વક તપાસ કરે છે. સાહિત્ય માનવમનના ગુણ-દોષ અને ભાવ-વિકારોને પ્રતિબિંબિત કરે છે. મનુષ્ય જન્મ ધરીને બાલ્યાવસ્થા, શિશુઅવસ્થા, કિશોરાવસ્થા, તરુણાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થાના તબક્કાઓમાંથી પસાર થાય છે. આ દરમિયાન મનુષ્ય અનેક અનુભવોમાંથી પસાર થાય છે. વિવિધ અવસ્થાઓમાં થતા અનુભવોની છાપ વ્યક્તિના અચેતન માનસ ઉપર પડે છે. આ અનુભવો લેખક પોતાના સાહિત્ય સર્જનમાં વર્ણવે છે. ટૂંકમાં, સર્જકનું સર્જકકર્મ અનુભવોને આધીન હોવાની શક્યતા વધુ હોય છે.

સર્જક અને ભાવક વચ્ચેનું સાયુજ્ય ‘કેથાર્સિસ’ને આભારી છે. સાહિત્યમાં નિરૂપિત પાત્ર સાથે ભાવક પોતાના મનોભાવોને જોડે છે. આ પાત્ર પર આવતી સુખ–દુઃખની અસર ભાવકને પોતાને થતી હોય એ રીતે નાજુક સેતુ બંધાય છે. સાહિત્યમાં નિરૂપિત પાત્રના સુખે સુખી અને દુઃખે દુઃખી થતા ભાવકની સ્થિતિ ‘કેથાર્સિસ’ની મદદથી સમજાવવામાં આવી છે. ગ્રીક કાવ્યશાસ્ત્રની પરિભાષામાં ‘કેથાર્સિસ’ સંજ્ઞા વપરાયેલી છે. ‘ટ્રેજેડી’ લાગણીઓના અતિરેકથી માનવમનને નિર્બળ બનાવનારી હાનિકારક અસર જન્માવે છે. એવા પ્લેટોએ કરેલા આક્ષેપનો જવાબ આપતાં પોતાના ગ્રંથ ‘પોએટિકસ’માં એરિસ્ટોટલે કહ્યું કે, ‘દયા’ અને ‘ભય’ની લાગણીઓનું તેમના ઉદ્રેક દ્વારા કેથાર્સિસ થતું હોય છે. વિશેષ સ્પષ્ટીકરણના અભાવે રૂપકાત્મક રીતે પ્રયોજાયેલી આ સંજ્ઞાના નિશ્ચિત અર્થ પરત્વે અનેક અર્થઘટનોનો અવકાશ ઊભો થયો.

વૈદકમાં કેથાર્સિસનો અર્થ 'રેચના' થાય છે. ધાર્મિક પરિભાષામાં તેનો અર્થ 'શોધન' અને મનોવિજ્ઞાનમાં 'શમન' થાય છે. લાગણીઓના અતિરેકને દૂર કરીને મનને સ્વસ્થ બનાવવાનું કાર્ય ટ્રેજેડી કરે છે એવો અર્થ એરિસ્ટોટલને અભિપ્રેત હોવાનું જણાય છે. ભાવકના ભાવલોકને સમજવા મનોવિજ્ઞાન પ્રયત્ન કરે છે. પાત્રના ભાવો સાથે ગુલતાન બનીને ભાવજગતમાં ગોથાં ખાતા ભાવકની મનઃસ્થિતિ મનોવિજ્ઞાનનું અભ્યાસ ક્ષેત્ર બને છે. સર્જક પોતાના અનુભવોથી એક નવા જ જગતનું સર્જન કરે છે.

અનુઆધુનિક યુગમાં ગુજરાતી સાહિત્યમાં મનોવિજ્ઞાનનો પ્રભાવ પ્રથમ 'ઉહાપોહ' સ્વરૂપે પ્રગટ્યો. આ સંદર્ભમાં ડા.રામરતન ભટનાગરનું કથન મહત્વ પૂર્ણ છે–

> "હેનરી જેમ્સ કે સમય સે હી ઉપન્યાસ વિચારોં કા વાહક બના હુઆ હૈ, પરન્તુ આજ યહ વિચાર મૂલકતા જીવન દૃષ્ટિ બની હુઇ હૈ. ટોલસ્ટાય, ળેનટ્રેજીદ, સાર્ત્ર સબ કથા કો જીવન સમ્બન્ધિત ઉહાપોહ કા સાધન બનાતે હૈ. જહાઁ જીવન પ્રવાહ કો પકડ઼ને કી ચેષ્ટા  હૈ. વહાઁ ભી જીવન દૃષ્ટિ કી નવીનતા હી અભિદ્યેય હૈ. ઈસ પ્રકાર નયા ઉપન્યાસ જીવન કા ચિતેરા નહીં હૈ, જીવન કા સમીક્ષક હૈ. વહ મૂલ્ય દેતા હૈ, ઔપન્યાસિક રસ, ચારિત્રિકતા, અન્તર્મન કી ઉપલબ્ધિયાઁ ઉસકે લિળ આજ મહત્વ પૂર્ણ નહીં હૈ."

મનોવિજ્ઞાન ક્ષેત્રે સિગ્મંડ ફ્રોઈડ એક જાણીતું નામ છે. સિગ્મંડ ફ્રોઈડે કહ્યું છે કે, "કલા અને કવિતા અતૃપ્ત વાસનાઓની પૂર્તિ છે." આ કથન ઊંડાણપૂર્વકની સમજણ માગી લે એવું છે. અતૃપ્ત વાસનાઓ એટલે શું ? કલા અને કવિતાનો સંબંધ એની સાથે શી રીતે હોઈ શકે ?

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

એવા સહજ પ્રશ્નો અહીં ઉપસ્થિત થાય છે. અતૃપ્ત વાસનાઓને સીધી રીતે અતૃપ્ત ઈચ્છાઓ ગણી શકાય. વ્યવહાર જીવનમાં માનવીનું મન અનેક ઈચ્છાઓ કરે છે. આ બધી જ ઈચ્છાઓ વ્યાવહારિક બંધનોનોમાં રહીને પૂર્ણ થઈ શકતી નથી. આવી અપૂર્ણ ઈચ્છાઓનું દમન થાય છે. ફ્રોઈડના મતે માનવમનના જાગ્રત, અર્ધજાગ્રત અને અજાગ્રત એવા ત્રણ પ્રકાર પાડી શકાય છે. જે ઈચ્છાઓ અતૃપ્ત રહે છે તે માનવીના અજાગ્રત મનમાં દમન પામે છે. આવી દમિત ઈચ્છાઓ ફ્રોઈડના મતે કળા અને સાહિત્ય દ્વારા પ્રગટ થતી હોય છે. મધુ કોઠારીનું વિધાન આ સંદર્ભમાં નોંધનીય છે–

> ‘‘The Unconsious Camera which records the artist's inner eyes, is not for sale.”

આમ, મનોવિજ્ઞાન સાહિત્ય મૂલ્યાંકન માટે અતિ મહત્વનું પાસું છે. સાહિત્યને એક આધાર પૂરો પાડવા માટે મનોવિજ્ઞાન સદાય ઊભું છે. મનોવિજ્ઞાન માનવમન અને વર્તન પરત્વે જાગૃત છે. આ જાગૃતતા મનોવિજ્ઞાનના પ્રભાવથી સાહિત્યમાં પણ આલેખવામાં આવે છે. માણસોની અતૃપ્ત અને દમિત વાસનાઓ જ માત્ર સાહિત્યમાં પ્રગટે છે એવું નથી. માનવમનની કુભાવનાઓ સાહિત્ય સમજાવે છે ખરું પરંતુ બધું જ સાહિત્ય આ પ્રકારનું હોતું નથી. સાહિત્યની મનોવૈજ્ઞાનિક ઢબથી થતી તપાસ એક નવો જ આયામ વાચક/ભાવક સમક્ષ ખડો કરે છે. સાહિત્ય અને મનોવિજ્ઞાન એક રીતે જોતાં તો એકબીજાના પર્યાય છે. સાહિત્યમાં માનવમનનું વિશ્લેષણ જોવા મળતું હોવાથી કહી શકાય કે સાહિત્યમાં મનોવિજ્ઞાન સંપૂર્ણ રીતે સમાયું છે

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**ઈલા આરબ મહેતા – વ્યક્તિત્વ અને વાઙ્મય :**

ઈલાબહેને ઈ.સ.૧૯૭૦ના સમય દરમિયાન ગુજરાતી સાહિત્યક્ષેત્રે નવોન્મેષ પ્રગટાવ્યો. તેઓએ નવલકથા, લઘુનવલ અને નવલિકાક્ષેત્રે વિશેષ પ્રદાન કર્યું છે. ઈલાબહેનનું સાહિત્યિક પ્રદાન વિપુલ અને ગુણવત્તાસભર છે. એક સાહિત્યકાર તરીકે તેમના સર્જનને મૂલવવાનો અને તેમના જીવનની ઝરમર તપાસી જવાનો ઉપક્રમ અહીં રાખવામાં આવ્યો છે. ઈલાબહેનનો જન્મ તા.૧૬–૦૬–૧૯૩૮ના રોજ મુંબઈના માટુંગામાં થયેલો. ઈલાબહેનનાં વ્યક્તિત્વ અને સર્જકત્વ ઉપર તેમના પિતા ગુણવંતરાય આચાર્ય અને પતિ ડૉ. આરબ મહેતાનો ફાળો સવિશેષ રહ્યો છે. પિતાજી પત્રકાર અને લેખક હોવાથી ઘરે પુસ્તકોની વિરાસત હતી. આરબ મહેતા પણ વાચનનો શોખ ધરાવતા હોવાથી એમના ઘરે પણ પુસ્તકો જ હતાં. ઘરે અને સાસરીમાં પુસ્તકોનું સામ્રાજ્ય હોવાથી ઈલાબહેનમાં સર્જનનાં બીજાંકુરો ફૂટ્યાં અને ફળ્યાં. તેમના સર્જકત્વને ઘડનારાં પરિબળો વિશે રાધેશ્યામ શર્મા લખે છે કે–

> “આરબને તો પાછળથી વર્યાં. પણ ગુણવંતરાયના ઘરમાં પુસ્તકોના ઊંટો ઘૂસતા જતા હશે. તેમ–તેમ ઈલા–વર્ષા ઈત્યાદિ, આરબ માફક બહાર ખસતાં રહેતાં હશે! મેઘાણી–મુનશી–ધૂમકેતુ–ર.વ.દેસાઈની રચનાઓને દસ–અગિયારની વયે અગત્સ્ય અદાથી ઘોળીને પી ચૂકેલા! આ ટુ સિસ્ટર્સની નવલકૃતિઓમાં વિવેચકોને ઉપર્યુક્ત ઉસ્તાદ લેખકોની છાયા ફેલાયેલી નિહાળવા મળે તો નવાઈ નહીં, જો કે પઠન–વાચનની હોબી ઈલાની તો એકટિંગ વર્ષાની.”

સર્જક તરીકે ઈલાબહેનની યાત્રા શરૂ થતાં તેમની કલમ અવિરત બની રહી. જુદાં જુદાં સામયિકો અને અખબારોમાં લખતાં લખતાં જ તેમની કલમ પૃષ્ઠ બની. ઈલાબહેનની કલમ માત્ર લાગણીઓનાં રોદણાં નથી રડતી. તેમની પાસેથી 'વસંત છલકે', 'એક હતા દીવાન બહાદુર', 'એક હતા કવિ' જેવી હળવીશૈલીની નવલકથાઓ પણ મળી છે. તેઓની નવલકથામાં સુખ–દુઃખ, કરુણ–હાસ્ય, વસંત–વેદના વગેરે વિભાવો સમાંતર ચાલ્યા કરે છે. એમની કલમનું આ બેલેન્સ સૌ કોઈને આકર્ષે છે.

આ કેફિયત પ્રમાણે જ તેઓનું સર્જકકર્મ અંગત અને બિનંગત અનુભવોને તાગે છે. 'થીજેલો આકાર', 'દરિયાનો માણસ', 'આવતીકાલનો સૂરજ', 'બત્રીસ પૂતળીની વેદના', 'ધી ન્યૂ લાઈફ' જેવી અનેક કૃતિઓમાં કથાવસ્તુ અને સર્જનશૈલીનું નાવીન્ય ઊડીને આંખે વળગે એવું છે. ઈલા આરબ મહેતાના સર્જનમાં તેમની વિશિષ્ટ સંવેદનાઓ, જીવનદષ્ટિ, મૂલ્યો અને સંસ્કારોની છાપ પડ્યા વિના રહી નથી. પોતાના સર્જન વિશેની કેફિયત આ રીતે આપે છે–

> "અનુભવો હૃદયને વલોવી નાખે, સંવેદનાઓ ચિતતંત્રને ડહોળી નાખે પણ તે બધું તેમનું તેમ કંઈ કૃતિમાં ઊતરી આવતું નથી. સાક્ષી કે પછી વિવેચક ચિત્ત તે તે ભાવોને, લાગણીઓ કે વિચારોને નાણી જુએ છે, તેની યથાર્થતા તપાસે છે અને સમગ્ર જીવનનાં વિશાળ ચિત્રમાં તેનું ઉચિત સ્થાન શોધે છે. જે કંઈ કૃતિઓમાં ઊતરી આવે છે તે સર્જકની જીવનદષ્ટિ મૂલ્યો અને સંસ્કારોની છીણીથી ઘડાઈને ઘાટ પામેલી આકૃતિઓ અને શિલ્પો બને છે."

જીવનના ખૂણેખૂણામાંથી નવલિકાનું કથાનક શોધી શકનારાં ઈલાબહેન નવલિકામાં પોતાનો અનુભવપિંડ ઉમેરે છે. એમના મુખ્ય નવલિકાસંગ્રહો 'એક સિગારેટ એક ધૂપસળી' (૧૯૮૧), 'વિયેના વુડ્ઝ' (૧૯૮૯), 'ભાગ્યરેખા' (૧૯૯૫), 'બળવો, બળવી, બળવું' (૧૯૯૮), 'યોમ કિપુર' (૨૦૦૬) મુખ્ય છે.

ઈલાબહેનની નવલકથાઓમાં અદ્‌ભૂત રીતે વાર્તારસ અને કલારસનો સમન્વય થયેલો જોવા મળે છે. એમની નવલકથાઓમાં 'ત્રિકોણની ત્રણ રેખાઓ' (૧૯૬૯), 'થીજેલો આકાર' (૧૯૭૦), 'રાધા' (૧૯૭૨), 'એક હતા દીવાન બહાદુર' (૧૯૭૬), 'બત્રીસ લક્ષણો' (૧૯૭૬), 'આવતી કાલનો સૂરજ' (૧૯૭૭), 'વારસદાર' (૧૯૭૮), 'અને મૃત્યુ' (૧૯૭૯), 'શબને નામ હોતું નથી' (૧૯૮૧), 'બત્રીસ પૂતળીઓની વેદના' (૧૯૮૨), 'મૃત્યુ નામે પરપોટો મરે' (૧૯૮૪), 'દરિયાનો માણસ' (૧૯૮૫), 'વસંત છલકે' (૧૯૮૭), 'પરપોટાની આંખ' (૧૯૮૯), 'ભાગ્યરેખા' (૧૯૮૧), 'નાગપરીક્ષા' (૧૯૮૫), 'પાંચ પગલાં પૃથ્વી પર' (૧૯૮૫), 'ધી ન્યુ લાઈફ' (૨૦૦૪), 'ઝીલી મેં કૂંપળ હથેલીમાં' (૨૦૦૭) મુખ્ય છે. અન્ય ભારતીય ભાષામાંથી ગુજરાતી ભાષામાં મૃત્યુ વિષયક લખાણોના પુસ્તકો 'પ્રાઈડ અને પ્રેજ્યુડીસ', 'આના કેરેનીના' છે. આમ, ઈલા આરબ મહેતાનું સર્જન તેમના માતૃભાષા પરત્વેના પ્રેમને ઉજાગર કરે છે. તેમનું જીવન અને સર્જન અવિનાભાવી હોવાનો અહેસાસ એમની સર્જનસૃષ્ટિ અવશ્ય કરાવે છે. આ ઉપરાંત પણ અનેક સામયિકોમાં તેમની વાર્તાઓ છપાતી રહેતી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**ઈલા આરબ મહેતાની વાર્તાઓમાં મનોયૌગિક સંકુલતા:**

'આપઘાત' વાર્તામાં સ્ત્રી ઉપર ગુજારવામાં આવતા ત્રાસની વાત છે. આ ત્રાસ અસહ્ય થઈ જતાં એક પૈસાદાર કુટુંબની વહુ આત્મહત્યા કરી લે છે. આ પૈસાદાર કુટુંબની ખબર લઈ લેવાં સ્ત્રીમંડળ સુભગ બેઠું થયું છે.  સ્ત્રીમંડળનાં પ્રમુખ તરુલતાબેન છે. આ પ્રમુખની બહેનની બે દીકરીઓ ઉંમરલાયક છે. તેમની વહુ ઘરનો ભાર વેંઢારે છે ને સાસુ મિટિંગોમાં મ્હાલે છે. મરનાર ગીતાંજલિની સાસુને પૈસાનો મોહ છે. પૈસાથી બધું જ થઈ શકે એવી માનસિકતા ધરાવનાર શ્રીમંત કુટુંબની વહુવારુઓનું અભિમાન પણ ગીતાંજલિની સાસુને છે. ગીતાંજલિના મોત માટે સ્ત્રીમંડળો લડી લેવાના મૂડમાં છે. ગીતાંજલિના સાસુ સાથે તેમના ઘરમાં જ્યારે તરુલતાબેન પ્રવેશે છે ત્યારે અમીરીથી અંજાય જાય છે. મરનાર ગીતાંજલિની વાત બાજુમાં રહી જાય છે અને...

> "ગીતાંજલિની સાસુ અને નણંદની સામે ગોઠવાઈ ગયાં જે કહેવા લાગ્યાં.
>
> એવું છે ને બહેન, કે અમે જરા આ બધાં મંડળોમાં જઈએ એટલે આવું બધું કરવું પડે. બાકી આમ તો હું ય તમારા જેવા જ વિચારોવાળી છું. હોં! મારી બેનની બે દીકરીઓ છે. બહુ રૂપાળી છે હોં ! આમ તો અને સુધરેલાં કહેવાઈએ એટલું જ, બાકી આમ તો અમેય આપણા રીતિરિવાજોમાં માનીએ. મારી ભાણેજોને તમે કહેતાં હો તો બતાવવા લઈ આવું."

આમ, સાવ છેક તળિયાની માનસિકતાનો ચિતાર અહીં સુંદર રીતે મળી રહે છે. માનસની સંકુલતા અને એમાંય સ્ત્રી–માનસની ઘટના વારસને પણ આઘાત આપનારી છે.

'પરિવર્તન' નવલિકામાં કશું જ ન બદલાયું હોવા છતાં નાયિકા લોપાના મનમાં અશાંતિ છે કે જાણે બધું જ બદલાય ગયું છે. અહીં પોતાની નજર બદલાઈ હોવાની ગ્લાનિ નાયિકા લોપાને નથી ભળી ત્યાં સુધી વાર્તા સામાન્ય લાગે છે. પરંતુ જયારે નાયિકાને પોતાની ભૂલ સમજાય છે ત્યારે વાર્તા માનસશાસ્ત્રીય રંગથી રંગાય જાય છે. લોપાના પિયરીયા નવાં ઘરમાં રહેવા માટે ગયા છે. આ નવું ઘર પોતાના ભત્રીજા મયૂરની ઈચ્છા મુજબનું સેટ થયેલું છે. બા, ભાઈ, ભાભી, ભત્રીજો બધાં એ જ છે પરંતુ ઘર નવું હોવાથી નવ વર્ષ પછી પિયર આવેલી લોપાને બધું બદલાયેલું લાગે છે. પરંતુ જયારે બા બોર્નવિટાવાળો દૂધનો ગ્લાસ લોપાને પીવડાવે છે ત્યારે...

> "લે, પી જા! ખબરદાર, જો ના પાડી છે તો!
>
> બા એ હાથ લંબાવી લોપાના હોઠ સુધી ગ્લાસ ધર્યો.
>
> 'ફોઈ! યુ મસ્ટ. બાએ કાલ સાંજથી તૈયાર કરીને મૂક્યો છે. ચલો વન, ટુ, થ્રી' મયૂર હસતાં હસતાં બોલ્યો.
>
> વન, ટુ, થ્રી સાથે લોપા દૂધ ગટગટાવી ગઈ. સાથે પોતાની ગ્લાનિને પરાયાપણાનો ભાવ પણ.
>
> લોપાને લાગ્યું કે જાણે નવ વર્ષ ને બે મહિના પસાર થયાં જ નથી. જાણે એ તો આ ઘરમાં જ હતી, ઘર ભલે બીજું હોય. પણ ઘર ઘર જ હતું...."

લોપાના ભાવ સાથે જ વાચક માનસ પણ વળાંક લે છે. કશું બદલાયું નથીની ખાતરી લોપા અને વાચક બંનેને થઈ જાય છે.

'રસ્તો' નવલિકા નોખી ભાત પાડતી હોય એ રીતે સ્વપ્નમાંથી વાસ્તવનું નિરૂપણ છે. સ્વપ્ન જોવું એ માનવમાત્ર માટે સહજ ઘટના છે. મનોવિજ્ઞાનમાં એક દિવાસ્વપ્નની પ્રયુક્તિ છે. આ પ્રયુક્તિમાં વ્યક્તિ વાસ્તવમાં જે ઈચ્છાઓને પૂર્ણ કરી શકતી નથી. એવી ઈચ્છાઓ સ્વપ્નના માધ્યમથી પૂર્ણ કરે છે. આ એક પ્રકારની બચાવપ્રયુક્તિ છે. આ વાર્તામાં આ પ્રકારની બચાવ પ્રયુક્તિનો ઉપયોગ થયો છે. વાર્તા નાયિકા ગરીબ પરિવારની હોવા છતાં અમીટ થવાનાં સ્વપ્ન જુએ છે. પરિવારની હોવા છતાં અમીર થવાનાં સ્વપ્ન જુએ છે. પરિવારની હોવા છતાં અમીર થવાનાં સ્વપ્ન જુએ છે. પોતાની પાસે અપાર ધનસંપત્તિ હોવાની ક્ષણિક ખુશી પોતે ભોગવે છે. અમીરીના સ્વપ્ન જોતી નાયિકાની સાથોસાથ ભાવકને પણ લેખિકા સ્વપ્નની અલૌકિક દુનિયામાં લઈ જાય છે જુઓઃ

> "રાતના ડિનર માટે તૈયાર થઈ હું ને ડેડી હોટેલમાં જઈએ છીએ ને હાય, ડેડી તો પેલા યુવાન સાથે વાતો કરે છે! ડેડી મને બોલાવે છે. અંજુ, આ છે મારા મિત્ર પ્રકાશ વર્માનો દીકરો રવિ હમણાં જ સ્ટેટસથી પાછો આવ્યો છે."
>
> આ આખીયે કલ્પનાની ઘટના છે. વાસ્તવમાં તો–
>
> "હો... હો... હો... મારી પાછળથી બુમરાણ ઊઠે છે. હું ચમકી પડું છું. રોશનની લાઈનમાં મને ધક્કા મારતા બે ત્રણ પુરુષો આગળ નીકળી જાય છે. પણ રેશનવાળાએ દુકાન બંધ કરી દીધી છે."

આમ, સ્વપ્ન અને વાસ્તવની મનોવૈજ્ઞાનિક ટેક્નિકથી વાર્તાને નવો ઓપ મળી રહે છે. ઘણી વખત માણસ સત્યને છુપાવીને અસત્યને ઉજાગર કરવાના પ્રયાસ કરે છે. સત્યને જયારે છુપાવવાનો પ્રયાસ થાય ત્યારે મનુષ્યએ એ મુખોટું કે કહોરું ધારણ કરવું પડે છે. આ મ્હોરાં વર્તમાનમાં વિવિધ ઈમોજી દ્વારા દર્શાવવામાં આવે છે. જૂના સમયમાં આ પ્રકારના મુખોટાં દર્શાવવા માટે વિવિધ સ્ટીકર્સનો ઉપયોગ થતો હતો. પ્રવર્તમાનમાં સમયમાં લાફિંગ બુદ્ધાંના ચરિત્રો આ વાર્તા વાંચતા યાદ આવી જાય. વાર્તાનું નામ છે. ‘સ્માઈલ’ વાર્તામાં છુપાવાયેલું દુઃખ જુઓ.

> “ડાકટર સાબ... હું જ જમિયતરાય જોશી. આ રિપોર્ટ તમે કઢાવવાનું કહ્યું હતું ને તે કઢાવી લાવ્યો છું. લ્યો સાહેબ. ડાકટર સાહેબ, વિચારમાં કેમ પડી ગયા? જે હોય તે તમતમારે બેધડક કેજો હોં. હું તો પોટલું બાંધી તૈયાર બેઠો છું. જે દી ઉપરવાળો સાદ કરે તે દી જવા તૈયાર. શું કહ્યું ? મેલિગ્નન્ટ ટ્યૂમર... કેન્સર... ના, ના. લખી આપવાની જરૂર નથી. નામ યાદ રહી જાય તેવું છે શું ? ઓપરેશન? જોઈશું ના. ડરી નથી ગયો. સાવ નિર્ભય છું સાહેબ, જ્યશ્રી કૃષ્ણ.”

જમિયતરાય જોશીને કેન્સર હોવા છતાં પોતાના દીકરા–વહુથી વાત છુપાવે છે ને બજારમાંથી સ્માઈલનું સ્ટીકર લઈ જાય છે. પોતાના પૌત્ર સાથે રમતાં રમતાં આ સ્ટીકરને...

> હં...હં... અરે આ શું ? લે મારો બેટો. તુંય ખરો. અલ્યા, સ્માઈલનું ચીટકણિયું મારે મોઢે જ ચિટકાવી દીધું!!!”

આમ, દુઃખ છુપાવવાની માનવીય–અમાનવીય કે મનોવૈજ્ઞાનિક ઘટના અહીં કેન્દ્રસ્થ છે.

'અઢળક ઢાળિયો રે' નવલિકામાં વાર્તાનાયિકા મનિષાનું માનસ ભૂતકાળ અને વર્તમાન વચ્ચે ઝોલાં ખાય છે. કાળની વિપરીત અવસ્થાઓ વચ્ચે મનિષાનાં બદલાતા મનોભાવો ખૂબ જ સુંદર છે. આ મનોભાવોની સાથે વાચક પણ વાર્તાનાયિકાની જેમ પ્રેમ, વૈચારિક સમૃદ્ધિ અને જુદાઈ જેવા ભાવોને બખૂબી પામી શકે છે. વિશાખા અને રાજુલ સાથે શ્રીનાથજીનાં દર્શન કરવા આવેલી મનિષાની સ્થિતિ નામ પ્રમાણે ગુણ સુધીનો પરિચય ભાવકને કરાવે છે. શ્રીનાથજીનાં દર્શન માટે આવેલી મનિષા પોતાના ભૂતકાળના પ્રેમી કિસનની અપેક્ષા રાખે છે. અચાનક જ ભગવાન જે રીતે ભક્તને દર્શન આપે એ રીતે કિસન મનિષાને મળે છે. મનિષાના ભગવાન મંદિરમાં નહિ પરંતુ મંદિરની બહાર છે–

> "હું ઊભી રહી. કિસન ત્યારેય નહોતો સમજી શક્યો ને અત્યારેય સમજી ન શક્યો. કે મારો કૃષ્ણ અહીં મંદિરમાં નથી. એ તો વગડામાં રખડે છે. એક રાજા થયો ત્યારે તેના દરિદ્ર મિત્ર સુદામાને ભેટવા અડવાણા પગે દ્વારકાના મહેલની બહાર દોડતો આવેલો!"

પૌરાણિક દૃષ્ટાંતને ધ્યાનમાં રાખીને આપવામાં આવેલું શીર્ષક આકર્ષક નીવડ્યું છે. મનિષાની મનઃસ્થિતિ ખરે જ અદ્‌ભૂત રીતે પરિવર્તિત થતી જોઈ શકાય છે.

**ઉપસંહાર:**

ઈલા આરબ મહેતાની વાર્તાઓમાં મનોવૈજ્ઞાનિક અભિગમ સુપેરે નિરૂપાયો છે. નારીવાદની અસર તેઓની વાર્તાઓ સુંદર રીતે વર્તાય છે. કુટુંબજીવનના અનેક પ્રશ્નોને વિષયવસ્તુ તરીકે તેઓ નિરૂપે છે તેમાંથી ઘડાતું એમનું પાત્ર માનસશાસ્ત્રીય રીતે ઉત્તરોત્તર વધુ પાકટ થતું વાચક અનુભવી શકે છે. ગામડાનાં સંકુલ વાતાવરણને પણ પીંછીના એક લસરકાની મદદથી જાણે કોઈ ચિત્રકાર–ચિત્રપરિવર્તન કરી દે તેમ એક નિર્ણયથી ઈલાબહેન ફેરવવાની ક્ષમતા ધરાવે છે. સંકુલ મનોજગત ધીરે ધીરે વિસ્તૃતતા તરફ ગતિ કરતું અનુભવાય છે. ઈલાબહેનના પાત્રો પોતાનાથી થાય એટલું સહન કરનારાં છે. પરંતુ સમય આવ્યે બંધનોને છોડી દેતાં અચકાતાં નથી.

ઈલા આરબ મહેતાની નવલિકાઓ વાચકના મનમાં એક આગવી છાપ છોડનારી છે. માનવમનની સંકુલ બાબતો ઘટનાઓના વિસ્તાર બાદ ઘટનાના રોચક અંતથી સ્પષ્ટ કરવાની રીત અનોખી છે. વાર્તા પૂરી થઈ ગયા પછી ભાવકના મનમાં વાર્તા શરૂ થાય છે. આ બધી બાબતો જોતાં જણાય છે કે ઈલાબહેને મનોવિજ્ઞાનના વિવિધ પાસાઓ પાસેથી ઉચિત અને સુયોગ્ય રીતે કામ કઢાવ્યું છે. ભાવક મન વાર્તા જોડે એકરૂપ થઈ જાય એ હદનું આલેખન ઈલાબહેનની વાર્તાઓમાં છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

: પાદટીપ:


1. James, William. *The Principles of Psychology*. Vol. 1, Henry Holt and Company, 1890.
2. Aristotle. *Poetics*. Translated by S. H. Butcher, Macmillan, 1902.
3. ભટનાગર, રામરતન. *સાહિત્ય અને સમાજ.* દિલ્હી: રાજકમલ પ્રકાશન, 1952.
4. કોઠારી, મધુ. *સાહિત્ય વિવેચનામાં મનોવૈજ્ઞાનિક અભિગમ.* અમદાવાદ: આકાશ પ્રકાશન, 2005.
5. શર્મા, રાધેશ્યામ. *ઈલા આરબ મહેતા: જીવન અને કૃતિ.* અમદાવાદ: સરિતા પ્રકાશન, 2000.
6. ડાભી, વંદના. *ઈલા આરબ મહેતાની વાર્તાસૃષ્ટિ,* પ્ર. કુસુમ પ્રકાશન, આવૃત્તિ : ૨૦૧૫, પૃ.03
7. એજન, પૃ.૬૪
8. મહેતા, ઈલા આરબ. ‘બળવો બળવી–બળવું’, પ્ર.આ.૧૯૯૮, પૃ.૯૪–૯૫
9. એજન, પૃ.૨૦૭
10. મહેતા, ઈલા આરબ. ‘વિયેના વૂડ્ઝ’, પ્ર.આ. ૧૯૮૯, પૃ.૧૬૮
11. મહેતા, ઈલા આરબ. એ ‘ક સિગરેટ એક ધૂપસળી’, પ્ર.આ. ૧૯૮૧, પૃ.૧૪3
12. એજન, પૃ.૧૪૪
13. એજન, પૃ.૧૬૧–૧૬૨
14. એજન, પૃ.૧૬3
15. મહેતા, ઈલા આરબ. ‘યોમ કિપૂર’, પ્ર.આ. ૨૦૦૬, પૃ.૨૫૦